અમદાવાદ જીલ્લાની ભૂગોળ.

બનાવનાર [redacted]

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર

ત્રવાડી હરીલાલ નારાયણ.

નંબર ૫ માની નિશાળના આસિસ્ટંટ માસ્તર.

આવૃતી પહેલી પ્રત–૧૦૦૦

અમદાવાદ.

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસ" માં છાપ્યું.

સને ૧૮૮૯.

કિંમત એક આનો.

૪૦૦૫

અમદાવાદ જીલ્લાની ભૂગોળ.

નકસાની દીશાઓ.

નકશાની તરફ મોં કરીને ઉભા રહીએ તો, માથા તરફની ઉત્તર દીશા પગ તરફની દક્ષિણ દીશા ડાબા હાથ તરફની પશ્ચિમ દીશા અને જમના હાથ તરફની પૂર્વ દીશા ખૂણાઓ દક્ષિણ અને પૂર્વ દીશા વચ્ચેનો અગ્નિ ખુણો દક્ષિણ અને પશ્ચિમ દીશા વચ્ચેનો નૈરૃત્ય ખૂણો ઉત્તર અને પૂર્વ દીશા વચ્ચેનો ઈશાન ખૂણો અને ઉત્તર તથા પશ્ચિમ દિશા વચ્ચેનો વાવ્ય ખૂણો.

અમદાવાદ જીલ્લાની હદ.

આ જીલ્લો, ગુજરાતના બીજા જીલ્લાની ઉપરે છે. એની દક્ષિણે તથા પશ્ચિમે કાઠીયાવાડ ઉત્તરે ગાયકવાડનો મુલક અને પૂર્વે તથા અગ્નિ કોણમાં ખેડા જીલ્લો ખંભાતનું સંસ્થાન અને ખંભાતી અખાત છે.

અમદાવાદ શહેરમાં એક આર્ટસ કોલેજ એક મેડીકલ સ્કુલ બે હાઈસ્કુલ એટલે પહેલા વર્ગની આંગ્લો વર્નાક્યુલર સ્કુલ બે ટ્રેનિંગ કોલેજો વીસ છોકરાને ભણવાની નિશાળો પાંચ કન્યાશાળા ત્રણ લાઈબ્રેરીઓ ચાર ધર્માદા દવાખાનાં કેટલાંક છાપખાનાં અને સાતવારીઆં વર્તમાન પત્રો છે

અમદાવાદ જીલ્લામાં સાત (૭) તાલુક છે.

(૧) પ્રાંતીજ.	(૫) ધંધુકા.
(૨) વીરમગામ	(૬) ઘોઘા.
(૩) ધોળકા.	(૭) સાણંદ.
(૪) દસક્રોઈ.	

(૧) પ્રાંતીજ તાલુકો.

મુખ્ય શહેરો—પ્રાંતીજ, ઓરણ, બાપદ, ગાબટ, ધનસુરા, ચોઈલા, ફતેમાઈ, હરસોલ, પુંસરી, બેરણા, ધકણ, ખડી, સાકરીઆ, મોડાસા, વગેરે—

મુખ્ય નદીઓ—સાબરમતી, હાથમતી, વાત્રક માજુમ, મેશ્વા, ખારી, એ શીવાય એમાં બોખ નામે ખાડો છે. તેમાં કમળનાં ફુલ થાય છે.

મુખ્ય નિકાસ—બાજરી, ચાખા, મગ, તલ, મકાઈ, રતાળુ, તથા વરીઆળી વગેરે.

(૨) વીરમગામ તાલુકો.

મુખ્ય શહેર—વીરમગામ, દેત્રોજ, ઓગણ, ઘોરૈયા, રામપુરા, સીતાપુર, પાટડી, ખારાઘોડા, મોઢાગર, ડાંગરવા, બોચણી, બહુચરાજી, છનીઆર, દેકાવાડા, વગેરે.

તલાવ—એ તાલુકામાં એકે નદી નથી પણ બે તલાવ છે. ગંગાસર ને મુનસર, એ બે તલાવ, સીધરાજ જેસીંગની મા મીનળ દેવીએ બંધાવેલાં છે.

મુખ્ય સ્ટેસન—વીરમગામ, પાટડી, ખારાઘોડા.

મુખ્ય જાણવા લાયક—પાટડીમાં મીઠું પાકે છે એ મીઠાને વરાગડું મીઠું કહે છે.

મુખ્ય જાત્રાનું ઠેકાણું—બહુચરાજી બેચરાજી.

મુખ્ય નિકાશ—બાજરી, ઘઉં, જુવાર,

[૩] ધોળકા તાલુકો.

મુખ્ય શહેરો.—ધોળકા, બાવળા, ચલોડા, ગાંગડ, બદરખા, સરોડા, વૌઠા નાનીબોરૂ, મોટીબોરૂ, કાવીઠા, વારણાં વટામણ વીગેરે.

મુખ્ય નદીઓ—સાબરમતીને રોહરનો કંઈક ભાગ છે.

મુખ્ય તલાવ—નળનામે.

મુખ્ય જાત્રાનું ઠેકાણું—વૌઠા, તેમાં હરવરસે કાર્તક સુદ પુનમે મેળો ભરાય છે. તે સાબરમતી ને વાત્રક નદીના સગંમ ઉપર છે.

મુખ્ય નીકાશ—આદુ, કેળાં, શેરડી, ચણા, દાડેમ, સુંઠ, વગેરે

મુખ્ય દરબાર—તેમાં બે દરબાર છે કોઠ, ગાંગડ.

[૪] દસક્રોઇ તાલુકો.

મુખ્ય શહેરો—અમદાવાદ, ઉવારસદ, વટવા, કુહા, નરોડા, બારેજા, જેતલપુર, સરપુર આડાલજ ગોમતીપુર અસારવા, હીરાપુર, હાથીજણ, વાંચ, ગીરમથા, રાયપુર, ઓગણજ, કોચરબ, વગેરે.

મુખ્ય નદીઓ—સાબરમતી, મેશ્વા, ખારી, સાબરમતી નદીએ અમદાવાદની પશ્ચીમ દીશાએ છે. ને તે રેલવે સ્ટેસન છે.

મુખ્ય નદીઓ—સાબરમતી, ખારી.

અમદાવાદ ક્યારે વસ્યું—એ શહેર સને ૧૪૧૧ માં સુલતાન મહમદે વસાવ્યું. અને તેની વસ્તી ૧૨૪૭૭ માણસની છે.

મુખ્ય જોવા લાયક—દાદાહરીની વાવ, માતરભવાનીની વાવ, અડાલજની વાવ, કાકરીયું તલાવ, શાહઆલમનો રોજો, પીરાંણાનો રોજો, મલેક શાબાનું તલાવ, હઠીસંગ દેવલનો બંગલો, સ્વામીનારાયણનું મંદીર, જુમા મસીદ, શાહીબાગ વગેરે.

મુખ્ય દેવસ્થાન—અંબાજી, ભદ્રકાળી, વગેરે.

મુખ્ય વખણાતી ચીજો—હીરાપુરનો ગોળ વખાણાય છે. બારેજા ને જેતલપુરની ડાંગર.

મુખ્ય નિકાસ—બાજરી, જુવાર, શેરડી, ડાંગર, તમાકુ કઠોળ વગેરે.

[૫] ધંધુકા તાલુકો.

મુખ્ય શહેરો—ધંધુકા, બરવાળા, રાણપુર, ખસ, ગાંફ, નાવડા, નોળી, નાગડકા, ફેદરા, વગેરે ગાંફ તેમાં મીઠું પાકે છે.

મુખ્ય નદીઓ—ભાદર, ગોમા, નીળકા, ઉતાવળી,

મુખ્ય બંદરધોલેરા એમાં પાણીની તંગાસ છે.

મુખ્ય જાત્રાનું ઠેકાણું—ભીમનાથ, તે નીળકા નદી ઉપર છે. ત્યાં હર વરસે શ્રાવણ સુદી ૧૫ મે મેળો ભરાય છે.

મુખ્ય નિકાસ—રૂ, જુવાર, ઘઉં.

[૬] ઘોઘા તાલુકો.

મુખ્ય શહેર—વાલુકડ, કમળેજ, બાદી, પડવા, ભાવનગરની ખાડી છે.

મુખ્ય બંદર—ઘોઘા.

મુખ્ય નિકાસ—બાજરી, રૂ, તલ છે.

[૭] સાણંદ તાલુકો

મુખ્ય શહેર—સાણંદ, સરખેજ, ગોધાવી, ચોર વડોદરા, કાસીંદ્રા, વીસલપુર, મોડાસર, ચેખલા, સનાથલ, નીદ્રાડ, ગોધાવી, વણઝર, વગેરે.

મુખ્ય રેલવેસ્ટેશન—સાણંદ, છારોડી, આંબલીરોડ, જોવા લાયક સરખેજનો રોજો ને તેમાં તળાવ છે. ગોળ ક્યાંનો વખાણાય છે. કાસીંદ્રાને વીસલપુરનો.

મુખ્ય નિકાસ—બાજરી, ડાંગર, રૂ, શેરડી, અને જુવાર છે.

અમદાવાદ જીલ્લામાં અખાત કયો છે—ખંભાતનો.

ઉત્તરમાંથી દક્ષિણમાં જનારી નદીઓ—સાબરમતી, વાત્રક, શેઢર, માજુમ, ખારી, મેશ્વા, વગેરે.

પશ્ચિમમાંથી પૂર્વમાં જનારી નદીઓ—ભાદર, ગોમા, નીળકા, ઉતાવળી, વગેરે.

અમદાવાદ જીલ્લામાં મોટી નદીઓ—સાબરમતી, ભાદર, વાત્રક, ઉતાવળી, વગેરે.

ધોળકા તાલુકામાં ભાલ છે—ત્યાં ઘઉં થાય છે.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે સદગૃહસ્થોને ખબર આપવામાં આવે છે કે બીજા ધોરણના છોકરાને શીખવાને માટે મુશ્કેલ ન પડે તેને માટે આ લઘુ પુસ્તક તૈયાર કર્યું છે. માટે જે લોકોને લેવાની મરજી હશે તો નીચે લખેલા ઠેકાણેથી મળશે.

અમદાવાદમાં—ત્રવાડી. હરીલાલ નારણદાસ. ઠે. ખાડીઆમાં જેઠાભાઈની પોળમાં.

અમદાવાદમાં—ચુનીલાલ છગનલાલ ઠે. સાંકડી શેરીમાં નાનાભાઈ મુનસીની પોળમાં.

અમદાવાદમાં—રણછોડલાલ વીઠલદાસ ઠે. દાળની પોળમાં આશાપુરી તરફ શા. હરજીવન મોતીની શેરીમાં.